# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## સુધારા જાહેરાત (જાહેરાત ક્રમાંક: ૧૪૬/ ૨૦૧૮૧૯, ૧૪૮/૨૦૧૮૧૯ અને ૧૪૯/૨૦૧૮૧૯)

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલયના જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકના જુદા જુદા સંવર્ગોની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ ભરવા માટે તા. ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ સંયુકત જાહેરાત ક્રમાંકઃ ૧૪૬/૨૦૧૮૧૯ થી ૧૪૯/૨૦૧૮૧૯ પ્રસિદ્ધ કરી લાયક ઉમેદવારોના ઓન-લાઇન અરજીપત્રકો મંગાવી ભરતી પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તે દરમ્યાન સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગના **તા.૨૩/૦૧/૨૦૧૯** ના ઠરાવ ક્રમાંક EWS/122019/45903/A અને તે અન્વયેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૬/૦૨/૧૯ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ-૨, તા. ૦૭/૦૨/૧૯ ના ઠરાવ ક્રમાંક: પવસ/૧૦૨૦૧૯/૨૨૧/ગ-૪ અને તા. ૦૭/૦૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પવસ/૧૦૨૦૧૯/૨૨૩/ગ-૪ થી આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદાવારો માટે સીધી ભરતીની જગ્યાઓમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાનો નીતિ વિષયક નિર્ણય લઇ તેનો અમલ તા. ૧૪/૦૧/૨૦૧૯ ના રોજથી કરવા સંબંધેની સૂચનાઓ બહાર પાડેલ છે. તે સૂચનાઓ અનુસાર જે સંવર્ગોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજવાની બાકી હોય તેવા સંવર્ગોમાં પણ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે ઓન-લાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટે ઉકત જાહેરાતો રીઓપન કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનુંનામ | સંવર્ગનું નામ | સામાન્ય વર્ગ | | આર્થિક રીતે નબળા વર્ગ | | અનુસૂચિત જાતિ | | અનુસૂચિત જન જાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧૪૬/૨૦૧૮૧૯ | નિયામકશ્રી, કામદાર રાજય વિમા યોજના | લેબોરેટરી ટેકનીશીયન | ૦૫ | ૦૧ | ૦૫ | -- | ૦૨ | -- | ૦૨ | -- | ૦૧ | -- | **૧૬** |
| ૧૪૮/૨૦૧૮૧૯ | ઉદ્યોગ કમિશ્નરશ્રી, ભૂસ્તર, ખનીજ અને ખાણની કચેરી, ગાંધીનગર | માઇન્સ સુપર વાઇઝર | ૧૬ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૨ | -- | ૦૫ | ૦૨ | ૦૯ | ૦૪ | **૫૦** |
| ૧૪૯/૨૦૧૮૧૯ | કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ગાંધીનગર | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૦૭ | 03 | ૦૨ | -- | -- | -- | 03 | -- | ૦૪ | ૦૧ | **૨૦** |
| | | | | | | | | | | | | | |

- **જાહેરાતમા દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા છે.**

ઉકત જાહેરાતો પૈકીની જા.ક્ર. ૧૪૬/૨૦૧૮૧૯ માટે ઉકત સંયુકત જાહેરાતના પૃષ્ઠ ૪ અને ૫ પર વર્ણવવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં **(ખ) (૧) માં** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૫/૧૨/૨૦૧૮ ના સુધારા જાહેરનામા થી કરેલ સુધારા આધારે **શૈક્ષણિક લાયકાતમાં** નીચે દર્શાવ્યા પ્રમાણેનો સુધારો કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

| **જાહેરાતના ફકરા નં. ૪ (૧) માં જા.ક્ર. ૧૪૬/૨૦૧૮૧૯ ની શૈક્ષણિક લાયકાતના (ખ) (૧) માં દર્શાવેલ વિગતો** | સુધારા મુજબની શૈક્ષણિક લાયકાતની વિગતો |
|---|---|
| (ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ મુખ્ય **વિષય તરીકે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (બાયો કેમેસ્ટ્રી) અથવા સુક્ષ્મ જીવ વિજ્ઞાન (માઇક્રો બાયોલોજી) માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.** | (ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ મુખ્ય **વિષય તરીકે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) અથવા જીવ-રસાયણશાસ્ત્ર (બાયો કેમેસ્ટ્રી) અથવા સુક્ષ્મ જીવ વિજ્ઞાન (માઇક્રો બાયોલોજી) અથવા બાયોટેકનોલોજી માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.**<br><br>(ઉકત સુધારા જાહેરનામાથી શૈક્ષણિક લાયકાતમાં **બાયોટેકનોલોજી માં સ્નાતકની પદવીનો સમાવેશ થયેલ હોવાથી તેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પણ હવે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.)** |

ગુજરાત સરકારના ઉકત ઠરાવો /પરિપત્રની જોગવાઇ અન્વયે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ અનામતનો લાભ લેવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જનરલ (સામાન્ય) - બિન અનામત વર્ગ માટે અરજી કરેલ ઉમેદવારો જો આર્થિક રીતે નબળા વર્ગો ( Economically Weaker Sections – EWS) ની અનામત જગ્યાઓના લાભ માટે પોતાની ઉમેદવારી નોંધાવવા ઇચ્છતા હોય તો તેવા ઉમેદવરોએ ઓનલાઈન અરજી માં કેટેગરી EWS દર્શાવીને નવેસરી અરજી કરવાની રહેશે. આ નવી અરજીના આધારે જ **EWS** કેટેગરીનો લાભ મળવાપાત્ર રહેશે. આર્થિક રીતે નબળા વર્ગોની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા અગાઉ અરજી કરેલ નથી તેવા ઉમેદવારો પણ નવેસરથી અરજી કરી શકશે.

**આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક- ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ- ગ (ગુજરાતી) નમૂનામાં તા. ૩૧/૦૩/૨૦૧૮ / ૩૧/૦૩/૨૦૧૯ ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ / ૨૦૧૮૨૦૧૯ ના વર્ષની આવકના આધારે તા. ૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તા. ૦૫/૦૭/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજીમાં દર્શાવવાનાં રહેશે.

(૨) આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ઉમેદવારી કરનાર ઉમેદવારોએ સરકારશ્રીના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવથી નિયત થયેલ Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ- ગ (ગુજરાતી) ના નમુના મુજબનું પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.

(૩) પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ- ગ (ગુજરાતી) મુજબનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નિયત થયેલ વયમર્યાદામાં આવતા નહી હોય તો તેવા ઉમેદવારોને નિયત વયમર્યાદા ધરાવતા ન હોવાના કારણસર ગેરલાયક ગણવામાં આવશે.

(૪) આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ઉમેદવારી કરનાર ઉમેદવારોને અન્ય અનામત વર્ગોના ઉમેદવારોની જેમ ઉપલી વયમર્યાદામાં વધુ ૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે. તેમજ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રેહેશે નહિ.

(૫) અગાઉ બિન અનામત વર્ગ માટે અરજી કરેલ હોય અને હવે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ઉમેદવારી નોંધાવવા ઓનલાઈન અરજી કરશે તો પ્રથમ બિન અનામત વર્ગ માટે કરેલ અરજીપત્રક રદબાતલ ગણાશે અને પાછળથી તેવી અરજી માટેનો કોઈ હક્ક/ દાવો કરી શકશે નહિ.

<u>નોંધ (તમામ ઉમેદવારો માટે)</u>

(૧) આ સુધારા જાહેરાત અન્વયે વય મર્યાદા માટે **CUT OFF DATE** અગાઉની તા. **૨૩/૧૦/૨૦૧૮** રહેશે. જ્યારે બાકીની બાબતો માટે **CUT OFF DATE તા. ૦૫/૦૭/૨૦૧૯** રહેશે.

(૨) આ સુધારા જાહેરાત અન્વયે OJAS પર ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા તા. ૦૬/૦૬/૨૦૧૯ (૧૪-૦૦ કલાક) થી તા. ૦૫/૦૭/૨૦૧૯ (૨૩-૫૯ કલાક) સુધીની રહેશે.

(૩) આ સંવર્ગોમાં અગાઉ કોઇ કારણસર પોતાની ઉમેદવારી નોંધાવી ન શકનાર કોઇપણ કેટેગરીના ઉમેદવારો નવેસરથી પોતાનું ઓનલાઇન અરજીપત્રક રજીસ્ટર્ડ કરી શકશે અને તેમાં SEBC કેટેગરીના ઉમેદવારોએ **તા. ૦૧/૦૪/૨૦૧૬ થી** તા. ૦૫/૦૭/૨૦૧૯ દરમિયાન મેળવેલ હોય તેવા નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ ના નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાના રહેશે.

(૪) જાહેરાત ક્રમાંકઃ ૧૪૬/૨૦૧૮૧૯, ૧૪૮/૨૦૧૮૧૯ અને ૧૪૯/૨૦૧૮૧૯ માં ઉપર દર્શાવેલ સુધારા સિવાયની તમામ બાબતો યથાવત રહે છે.

**સ્થળઃ- ગાંધીનગર**

**તારીખ- ૦૬/૦૬/૨૦૧૯**

**સચિવ**

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**

**ગાંધીનગર**